જન્મદિને વધામણી

એસ આઈ પરમાર
ઓડિટર/એડવોકેટ
મો. ૯૫૩૭૦ ૬૬૪૬૨

વિમલકુમાર એસ શુક્લ
મો. ૭૬૦૦૫ ૮૪૭૦૬

અશ્વિનભઆઈ એ પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરાઈ

ગાંધીનગર, તા. ૧૨

શ્રી અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજના ઍનઍસઍસ યુનિટ દ્વારા સિયાચીનમાં શહીદ બનેલા તમામ શહીદો ઉપરાંત પઠાણકોટમાં શહીદ થયેલા તમામ સૈનિકોને શ્રદ્ધાંજલિ અર્પવા માટે એક કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

કૉલેજના તમામ અધ્યાપકો, વહીવટી કર્મચારીઓ અને તમામ વિદ્યાર્થીઓ આ કાર્યક્રમમાં જોડાયા હતા. લાન્સનાયક હનુમન થાપા તથા અન્ય શહીદ સૈનિકોના પરિવારોને ઈશ્વર સહન કરવાની શક્તિ આપે અને સૈનિકોના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના સૌએ સાથે મળીને કરી હતી. આવા શહીદો દેશના યુવાનો માટે રોલ મૉડેલ છે અને તેમની શહીદીએ હંમેશા દેશને ગમગીન બનાવ્યો છે એ બાબતનો અહેસાસ સૌએ આ પ્રસંગે કર્યો હતો.

કાર્યક્રમનું આયોજન ડૉ. રણછોડ રથવીએ કૉલેજના અધ્યાપકોના સહકારથી કર્યું હતું.

રૉટરી ક્લબ ઑફ કૅપિટલ દ્વારા થૅલેસેમિયા માર્ગદર્શન કાર્યક્રમ યોજાયો

રૉટરી ક્લબ ઑફ કૅપિટલ, ગાંધીનગરે મ્યુનિસિપલ કૉર્પોરેશનના કૉન્ફરન્સ હૉલમાં થૅલેસેમિયા વિષયે વિસ્તૃત માર્ગદર્શન ગાંધીનગરના તમામ હૅલ્થ ઑફિસર્સને વિડીયો કૉન્ફરન્સ તેમજ વક્તૃત્ત્વ સહિત ડિસ્ટ્રીક્ટ ચૅરમૅન અનિલભાઈ ખત્રી દ્વારા આપવામાં આવ્યું હતું. ભવિષ્યમાં ચકાસણી કૅમ્પ યોજવાની મંશા પણ તેમણે વ્યક્ત કરી હતી. આ પ્રસંગે હૅલ્થ ઑફિસર ડૉ. દિનેશભાઈ બારોટ, જગતભાઈ કારાણીએ આભાર વ્યક્ત કર્યો હતો. અમીબેન શાહ તથા રૉટરી પ્રમુખ મનોજ સરૈયા અને અન્ય ૪૫ હૅલ્થ ઑફિસર્સ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

બીસીએ કૉલેજ ખાતે ઍડવાન્સ પીઍચપી ફ્રેમવર્ક વિષયે વર્કશૉપ

ગાંધીનગર, તા. ૧૨

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલિત ભોળાભાઈ પટેલ કૉલેજ ઑફ કમ્પ્યુટર સ્ટડીઝ, ગાંધીનગર દ્વારા સ્ટુડન્ટ પ્રોગ્રેશન ઍક્ટીવિટી અંતર્ગત સૅમેસ્ટર-૬ના વિદ્યાર્થીઓ માટે બે દિવસીય વર્કશૉપનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વર્કશૉપનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને ઍડવાન્સ પીઍચપી ફ્રેવર્ક અને કોડ ઈગ્નાઈટરનો ઉપયોગ કરી ડાયનેમિક વેબસાઈટ બનાવવા માટેની માહિતી આપવાનો અને ઔદ્યોગિક એકમોની જરૂરિયાત પ્રમાણેની વેબસાઈટ ડિઝાઈન કરી આપવાનો હતો. ૮૭થી વધુ વિદ્યાર્થીઓએ આ વર્કશૉપમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધોહતો. વર્કશૉપનું સફળ આયોજન કૉલેજના ડિરેક્ટર ડૉ. સંજય ઍમ શાહના માર્ગદર્શન હેઠળ ફૅકલ્ટી મિત્રોના સહકારથી કરાયું હતું.

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૧
ફિતૂર
૧૨.૪૫, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

સ્ક્રીન-૩
સનમ રે
૩.૦૦
ડેડપોલ (અંગ્રેજી-એ)
૧૨.૩૦, ૭.૪૫
ડેડપોલ (હિન્દી-એ)
૫.૩૦, ૧૦.૦૦

સ્ક્રીન-૪
સનમ રે
૧૦.૦૦
ઘાયલ વન્સ અગેઈન
૧.૦૦, ૯.૪૫
પોલમૂપોલ (ગુજ.)
૪.૦૦
ઍરલિફ્ટ
૭.૧૫

સ્ક્રીન-૫
ફિતૂર
૧૦.૦૦, ૫.૧૫
સનમ રે
૧૨.૩૦, ૭.૪૫, ૧૦.૦૦
ઘાયલ વન્સ અગેઈન
૨.૪૫

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા નિરાધાર જરૂરિયાતમંદોને અનાજની કીટનું વિતરણ

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા મોડાસા તાલુકાના વનવાસી ગામ છાત્રેશ્વરી તથા વાંટડાનાં કુલ ૭૦ વૃધ્ધ નિરાધારોને ૧૨ પ્રકારની જીવન જરૂરી ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. તેલ, ચ્હા, ખાંડ, મગ, મગ દાળ, ચોખા, ચીકીના બોક્સ, સાબુ, અગરબત્તી, કોપરેલ, ચવાણું તથા સાડીનું વિતરણ આ જરૂરિયાદમંદોને કરવામાં આવ્યું હતું. સાડીઓ મુમ્બાદેવી ટ્રસ્ટ, મુંબઈ તરફથી પ્રાપ્ત થઈ હતી. આ સેવાકાર્યમાં રણજિતસિંહ વાઘેલા, જનાર્દન ઠક્કર, મિલિન્દ ગુપ્તે, કમલેશભાઈ તથા શાળાના શિક્ષક અશ્વિનભાઈ જોડાયા હતા.

મહિલાઓના શારીરિક શોષણ માટે સમાજમાં જેટલી જાગૃતિ છે એટલી જાગૃતિ કિશોરાવસ્થાના છોકરા-છોકરીઓ માટે નથી

ગાંધીનગર, તા. ૧૨

વ્યવસાયે ડૉક્ટર અને શોખથી લેખક એવા માઉન્ટ આબુના ડૉ. અરૂણ શરમણના પુસ્તક 'સ્કાયલાઈટ્સ'નું તાજેતરમાં અમદાવાદ ખાતે વિમોચન થયું હતું. આ પ્રસંગે ડૉ. શરમણે જણાવ્યું હતું કે, કિશોર બાળકો પર થતા અત્યાચારો પર પણ ધ્યાન આપવાની જરૂર છે. આ પુસ્તકમાં તેમણે પોતાના જીવનનો ૪૦ વર્ષનો અનુભવ રેડી દીધો છે. આ પુસ્તકમાં એક એવા છોકરાની વાર્તા છે જેના જીવનમાં તેની નજીકના જ એક વ્યક્તિ દ્વારા વારંવાર સમલૈંગિક જાતિય શોષણ કરવામાં આવે છે. જાતિય શોષણનો ભોગ બનેલા બાળકની માનસિક સ્થિતિ અને તેના મનની વેદનાનો હૃદયસ્પર્શી ચિતાર આ પુસ્તકમાં આપવામાં આવ્યો છે. પુસ્તક દ્વારા સેક્સ પ્રત્યે ઘૃણા નહીં, પણ સન્માન કરવાનો પણ સંદેશ આપવામાં આવ્યો છે. પુસ્તક વિમોચન પ્રસંગે ડૉ. અરૂણ શરમણે કહ્યું કે, 'મહિલાઓના શોષણ સામે અવાજ ઉઠાવવો જરૂરી છે, પરંતુ તેની સાથે સાથે કિશોર બાળકો પર થતા અત્યાચાર પર પણ ધ્યાન આપવું જોઈએ. મારી દૃષ્ટિએ વર્તમાન સમયમાં કિશોરાવસ્થાની છોકરીઓની પરવરીશ ખોટી રીતે થઈ રહી છે. બાળકો પોતાની જાતિય જવાબદારી માટે જાગૃત નથી.

તેમણે કહ્યું કે, કિશોરાવસ્થાના બાળકોમાં સેક્સ એજ્યુકેશનને લઈ મનમાં ૧૯૯૦માં જે પ્રશ્નો હતા તે પ્રશ્નો આજેય યથાવત છે. બાળકો મનમાં મૂંઝાયા કરે છે. પુસ્તકના ટાઈટલ વિશે તેમણે કહ્યું કે, અગ્રેજો ભારતમાં હતા ત્યારે ઘરની છતમાંથી સુર્ય પ્રકાશ પ્રવેશી શકે તે માટે એક ખુલ્લી જગ્યા રાખવામાં આવતી હતી. જેને સ્કાયલાઈટ તરીકે ઓળખવામાં આવતી હતી. મેં અનેક બાળકોના જીવનમાં સ્કાયલાઈટ મારફત તેમના જીવનમાં ડોકિયું કર્યું છે. પુસ્તક વિમોચન કાર્યક્રમમાં તેમણે જાહેરાત કરી હતી કે, પુસ્તકોના વેચાણમાંથી જેટલી પણ આવક થશે તેમાંનો કેટલોક ભાગ પ્રજ્ઞાચક્ષુ બાળકો પાછળ ખર્ચ કરવામાં આવશે. પુસ્તક વિમોચન કાર્યક્રમમાં આઈઆઈએમ અમદાવાદના પદ્મશ્રી પ્રોફેસર ડૉ. અનિલ ગુપ્તા હાજર રહ્યા હતા.

વિસનગર ખાતે વિશ્વનો સૌથી મોટો દાંતના રોગોનો તપાસ કેમ્પ

ગાંધીનગર, તા. ૧૨

નૂતન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ વિસનગર દ્વારા સંચાલિત ડેન્ટલ કોલેજ ખાતે વિશ્વ નો મોટો દાંતના રોગોનો તપાસ અંગેનો કેમ્પ આગામી તા.૧૭ મી ફેબ્રુઆરી ને બુધવારના રોજ સવારે ૭-૩૦ કલાકે શરૂ થઈ રહ્યો છે, જે સતત ૨૪ કલાક ચાલશે અને ૧૫ હજારથી વધારે વિદ્યાર્થીઓના દાંતની તપાસ કરાશે. આ કેમ્પ માં દાંતના રોગો ના નિષ્ણાતો/તબીબો ૨૪ કલાક સતત હાજર રહી સંબંધિત વિદ્યાર્થીઓના દાંતની તપાસ કરશે. વિશ્વના મોટામાં મોટા આ ડેન્ટલ કેમ્પમાં ગુજરાત ના જાણીતા મોટા ડેન્ટીસ્ટો ઉપરાંત રાજયની અન્ય ડેન્ટલ કોલેજોના વિદ્યાર્થીઓને ખાસ ઉપસ્થિત રહેવા આમંત્રણ અપાયું છે. કાર્યક્રમનો હેતુ ગીનીસ વર્લ્ડ રેકોર્ડ બનાવવાનો છે. અગાઉ એક સાથે ૧૦ હજાર દાંતના દર્દીઓની સતત ૨૪ કલાક સારવાર શ્રીલંકાની એક ડેન્ટલ કોલેજે કરતાં તેઓનું ગીનીસ વર્લ્ડ રેકોર્ડમાં નામ ઉમેરાયું હતું હવે વિસનગર સાંકળચંદ પટેલ વિદ્યાધામમાં આ ૧૫ હજાર કરતાં વધુ વિદ્યાર્થીઓના દાંતના રોગો અંગેની તપાસ થશે તો તેનો ગીનીસ વર્લ્ડ રેકોર્ડમાં સમાવેશ થશે. જે ભારત અને ગુજરાત સરકાર તેમજ નાગરીકો માટે એક ગર્વ સમાન રહેશે

આ મેગા ડેન્ટલ ચૅક-અપ કેમ્પની માહિતી આપતાં નૂતન સર્વ વિદ્યાલય કેળવણી મંડળ ના વાઇસ ચેરમેન પ્રકાશભાઈ પટેલે જણાવ્યુ હતું કે કેમ્પમાં આવનાર વિદ્યાર્થીઓ અને દર્દીઓને જરૂરી સારવાર મળી રહે તે માટે તમામ વ્યવસ્થા કરી દેવામાં આવી છે.

શિક્ષકો માટે વેકેશનમાં તાલીમ રાખો

ગાંધીનગર, તા. ૧૨

દેશમાં પોલિટેકનિક અને એન્જિનિયરિંગ કોલેજોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે તે જોતાં ટેકનિકલ કોલેજોમાં પણ શિક્ષકોની નિમણૂક માટે અલાયદી 'નેટ-સ્લેટ' જેવી નેશનલ એક્રેડિટેશન પોલીસી બનાવવી જોઈએ તેવું સુચન રાજ્યના શિક્ષણપ્રધાન ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ કર્યું છે. બી.એડ. અને પીટીસીના અભ્યાસકમો પણ શૈક્ષણિક અને ટેકનિકલ બાબતોના સમાવેશ સાથે દર ત્રણથી પાંચ વર્ષે બદલવા તેમણે કેન્દ્રીય માનવસંસાધન મંત્રીને રજૂઆત કરી છે. નવી દિલ્હીમાં કેન્દ્રીય માનવસંસાધન મંત્રી સ્મૃતિ ઈરાનીની અધ્યક્ષતામાં યોજાયેલી દેશના વિવિધ રાજ્યોના શિક્ષણપ્રધાનો સાથેની બેઠકમાં રાજ્યના શિક્ષણપ્રધાને શિક્ષણની ગુણવત્તા સુધારવા માટે શિક્ષકો નવી ટેકનોલોજી અને નવી પદ્ધતિઓ-જ્ઞાનથી પરિચીત થાય તે માટેના પ્રયાસો પર ભાર મૂકતા જણાવ્યું હતું કે, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષકો માટે વેકેશન દરમિયાન 'ઈન સર્વિસ ટ્રેનિંગ' ફરજિયાત કરવી જોઈએ. નોકરીમાં જોડાઈ રહેલાં શિક્ષકોને આધુનિક ટેકનોલોજીની સાથોસાથ ભાષા, વર્તન, વ્યવહાર, બુદ્ધિમતા, સામાજિક કાર્યો-મૂલ્યો અને સાંસ્કૃતિક જરૂરિયાત ઉપરાંત આધુનિક શિક્ષણ પદ્ધતિની તાલીમ આપવી જરૂરી છે. ઉપરાંત શિક્ષકોએ ઉત્તમ શિક્ષકો તૈયાર કરવા માટે શિક્ષણને લગતા સંશોધન માટે પણ અલગથી સમય ફાળવવો જોઈએ.

આફતને જ્યાફતમાં પલટી નાખવાનો અજબ વિશ્વાસ

'હે વાનરો, તમારા મનને વિષાદમાં ડૂબવા ન દો. વિશાદ એ મહાન રોગ છે. વિષાદ પૌરુષનો નાશ કરે છે. જે વ્યક્તિ પરાક્રમ કરવાના સમયે જ વિષાદમાં ડૂબે છે તેનું તેજ નાશ પામે છે અને તેજહિન વ્યક્તિનો પુરુષાર્થ ફળતો નથી.'

- વાલ્મિકી રામાયણ

સીતાજીની શોધમાં નીકળેલા વાનરો દક્ષિણનો ખૂણેખૂણો તપાસી જોઈ વળ્યા. પરંતુ ક્યાંય તેઓને સીતાજીના વાવડ ન મળ્યા. પોતાની નિષ્ફળતાથી નાસીપાસ થઈને વાનરો સૂનમૂન થઈ લમણે હાથ મૂકી નિરાશામાં ડૂબી ગયા. વિષાદમાં ડૂબેલા આ વાનર જૂથને પુનઃ ઉત્સાહમાં લાવવા માટે યુવરાજ અંગદ આ વચનો બોલે છે.

શબ્દો ભલે વાનરના મુખમાં મૂકાયા હોય પણ તેમાં વ્યક્ત થયેલા વિચારો તથા પ્રયોજાયેલી વાણી તરત ધ્યાન ખેંચે છે. અંગદનાં વચનો કાળથી પર છે. હતાશા એ માનવ સમાજ પર કાળજૂનો અભિશાપ છે. સમયે સમયે તેમાં વધઘટ થતી રહે છે. આધુનિક સમયમાં તો તીવ્ર ઉછાળો આવ્યો છે. હતાશા આ યુગનો એક મહારોગ છે. નિરાશાના કારણે માનવી સ્ટ્રેસનો પણ અનુભવ કરે છે. નિરાશા કે વિષાદને 'તાણ'ની જનની ગણવામાં આવે છે. નિરાશાજનક ચહેરો, ઉદાસીન આંખો તથા વિચારશૂન્યતા એ હતાશ વ્યક્તિને પારખવાનાં બાહ્ય લક્ષણો છે. આ રોગમાં સપડાયેલો માણસ પોતાનું સર્વસ્વ લૂંટાઈ ગયું હોય તેમ માનીને કર્તવ્યહિન બની જાય છે. તેનું ચિત્ત નિરાશાવત તથા વિચારો નકારાત્મક થઈ જાય છે. તેનામાં ઉત્સાહ, આનંદ તથા કર્મનિષ્ઠાનો અભાવ વર્તાય છે. તેનું પૌરુષ જાણે કે હણાઈ ગયું હોય તેમ તેને નિષ્ફળતાનાં જ સ્વપ્નો આવે છે. માણસો જીવનમાં મળતી હારને જ્યારે ન પચાવી શકે ત્યારે વિષાદના પ્રવાહમાં તણાઈ જાય છે. પુરુષાર્થ પરથી તેનો વિશ્વાસ ઊઠી જાય છે. તેથી પ્રયત્ન કરવાનું તેને મન જ થતું નથી. પરિસ્થિતિ સામે લડી શકાય, તેના પર વિજય પ્રાપ્ત થઈ શકે તેવું તેને અસંભવ લાગે છે. એ તેની કલ્પનામાં પણ આવતું નથી. વિષાદનો ભાવ એટલો તો જબરદસ્ત હોય છે કે તે વ્યક્તિને નકામી કરી દે છે. આવી પરિસ્થિતિમાંથી છૂટવાનો એકમાત્ર રસ્તો આત્મહત્યા જ છે

તેવું તેને લાગે છે. હતાશ વ્યક્તિની આ પ્રકારની વિચારધારા તેને આત્મહત્યા પ્રત્યે જ દોરી જાય છે.

આત્મહત્યા સંદર્ભે થયેલા સંશોધનોમાં એક જ વાત સામે આવી છે કે આત્મહત્યા પાછળનું પ્રેરક બળ હતાશા છે. આ સંશોધનો એવું પણ જણાવે છે કે આત્મહત્યા કરનાર વ્યક્તિઓ પૈકી પચીસ ટકા તો યુવાન વયની હોય છે. હજી તો ઊગીને ઊભા થયેલા ને લાંબો સમય લીલાંછમ રહેવા સર્જાયેલા આ માનવ દેહને તેઓ સાવ અકાળે સૂકવી નાંખે છે. અને તેની પાછળનાં કારણો સાવ ક્ષુલ્લક હોય છે. એક પણ કારણ એવું નથી હોતું કે જેનો ઉકેલ ન હોય. પરીક્ષામાં ધાર્યા પ્રમાણે ન મળતું પરિણામ, માતા-પિતાનું વલણ કે પ્રેમ પ્રકરણમાં નિષ્ફળતા તથા બેકારી એ સૌથી વધુ જોવામાં આવેલાં કારણો છે. આત્મહત્યા માટે દોડતી વ્યક્તિ જરા વાર વિચારવા થોભતી નથી અને આત્મહત્યા કરી બેસે છે. જો એના વિષાદ પાછળનાં પરિબળોનો વિચાર કરવામાં આવે તો જાણવા મળે છે કે વ્યક્તિનું અતિ લાગણીશીલ ચિત્તતંત્ર જ આ માટે જવાબદાર છે. સંવેદનશીલ માનવીના મનમાં વિવિધ પ્રકારની લાગણીનના પ્રવાહો સતત વહેતા હોય છે. ક્યારેક અતિ સામાન્ય કારણે પણ લાગણી ઉશ્કેરાઈ જાય છે. વિચારપૂર્વક પ્રશ્નનો ઉકેલ શોધવાની ધીરજ એ સમયે રહેતી નથી, પુરુષાર્થ માટે જાગૃત રહેવાની ક્ષમતા એ ખોઈ બેસે છે અને આત્મહત્યા કરવા પ્રેરાય છે.

વિષાદના પાયામાં સંવેદનશીલતા સાથે ડરનો પણ મહત્ત્વનો ભાગ હોય છે. અને ડર એ માનસિક હોય છે, ઘણીવાર હકીકતે એવું હોતું નથી જેવો ડર વ્યક્તિ અનુભવતી હોય છે.

આવો વિષાદ અર્જુને પણ અનુભવ્યો હતો, જેને શ્રીકૃષ્ણે હિંમત આપી હતી. વ્યક્તિને નિરાશામાંથી આશાના રસ્તે વાળવા માટે વિવિધ ઉપાયો યોજવા જોઈએ. કોઈને માટે માત્ર વાણી જ પૂરતી થઈ પડે છે તો કોઈને રીતસર સહારો આપીને સંભાળવા પડે છે. સરવાળે, આવી વ્યક્તિ સાથે કામ પાર પાડવામાં ધીરજ અને શાંતિની જરૂર પડે છે. દિલથી ઘવાયેલાને સાજા કરવા માટે મીઠી વાણીનો મલમ જરૂરથી કામ કરે છે.

કોઈપણ કાર્યની સફળતા માટે આત્મશ્રદ્ધા હોવી જોઈએ. વિશ્વમાં જે લોકો ટોચ પર પહોંચ્યા છે તેમણે હતાશાને જીવનમાં પ્રવેશવા નથી દીધી. આફતને જ્યાફતમાં પલટી નાખવાનો અજબ વિશ્વાસ તેઓ ધરાવતા હોય છે. 'કાળમાં કોતરેલાં નામ' એ ગ્રંથમાં સતત લડત ચલાવી, પોતાનાં લક્ષ્યને પામનાર વિરલાઓનાં ચરિત્રો આપ્યાં છે. સફળતા માટેની માત્ર એક ચાવી છે : આગળ વધો.

કેસૂડો લ્યો

લાલ ચટક આ ખિલ્યો રે
લ્યો કેસૂડો લ્યો
પાંપણ હેઠે ઝિલ્યો રે
લ્યો કેસૂડો લ્યો
કેસૂડાની ચાંચ ઉપર કેસરિયો તડકો
શરમાતો લજવાતો દીઠો સોનલ ભડકો
ઝાળ લગોલગ વન વિંધીને
કેણે આવી વીણ્યો રે
લ્યો કેસૂડો લ્યો
વેળ સાંજની વળી વળીને એ જ વિચારે
આજ આભથી રૂપ ધરાના કોણ વધારે !
કોણે ઢોળી ઢોળી કેસર
કેસર સંગે ફીણ્યો રે
લ્યો કેસૂડો લ્યો
રંગ રૂપાળાં ફાગણ અંગે જ્યાં ઊતર્યાં છે,
ચૂડલા ચાંચે ચૂંટી ચૂંટી જે રંગ ભર્યાં છે
પલાશ પાદર પહોંચીને
એ પીલ્યો રે
લ્યો કેસૂડો લ્યો

- કીર્તિદા બ્રહ્મભટ્ટ